# પ્રસાર ભારતી

## સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date: 15-10-2025** **EVENING: 7.50 TO 8.00**
**Day : WEDNESDAY** **National News**

### આકાશવાણી સમાચાર હિના મોદી વાંચે છે.

**************************************************

1) બિહાર વિધાનસભા ચૂંટણી પહેલા ચૂંટણી પ્રચારમાં તેજી આવી.

2) સરકારે જણાવ્યું છે કે નક્સલવાદથી સૌથી વધુ પ્રભાવિત જિલ્લાઓની સંખ્યા છ થી ઘટીને ત્રણ થઈ.

3) બ્રાઝિલના ઉપરાષ્ટ્રપતિ ગેરાલ્ડો અલ્કમિન આજથી ભારતની ત્રણ દિવસની મુલાકાતે.

4) સંયુક્ત રાષ્ટ્રે અફઘાનિસ્તાન અને પાકિસ્તાન વચ્ચે સરહદી અથડામણો પર ચિંતા વ્યક્ત કરી.

**5)** બંદરો અને જળમાર્ગ મંત્રી સર્બાનંદ સોનોવાલે જણાવ્યું છે કે 2047 સુધીમાં વિકસિત ભારત બનાવવામાં બંદર ક્ષેત્ર મહત્વપૂર્ણ ભૂમિકા ભજવશે

..........................................................................

(સમાચારને અંતે – આકાશવાણી પરથી સમાચાર પૂરા થયા)

(હવે પછી આપ આવતીકાલે સવારે સાત વાગીને 10 મિનિટે પ્રાદેશિક સમાચાર સાંભળી શકશો)

# BIHAR – NAMO APP

બિહાર વિધાનસભા ચૂંટણી પહેલા ચૂંટણી પ્રચારમાં તેજી આવી ગઈ છે. ભારતીય જનતા પાર્ટીના વરિષ્ઠ નેતા અને પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ આજે બિહાર વિધાનસભા ચૂંટણી પહેલા નમો એપ દ્વારા બૂથ સ્તરે પાર્ટી કાર્યકરો સાથે વાતચીત કરી. "મેરા બૂથ સબસે મજબૂત" સંવાદ કાર્યક્રમ દરમિયાન , શ્રી મોદીએ પાર્ટી કાર્યકરોને NDA ના સમર્થનમાં એકતાપૂર્વક કામ કરવા વિનંતી કરી.

પ્રધાનમંત્રીએ પાર્ટી કાર્યકરોને કેન્દ્ર અને રાજ્યમાં NDA સરકારોની લોકલક્ષી નીતિઓ અને કલ્યાણકારી કાર્યક્રમો વિશે લોકોમાં જાગૃતિ ફેલાવવા પણ વિનંતી કરી.

શ્રી મોદીએ બિહાર વિધાનસભા ચૂંટણીના સંદર્ભમાં પાર્ટી કાર્યકરો સાથે મુખ્ય ચૂંટણી મુદ્દાઓ પર ચર્ચા કરી.

દરમિયાન, ભાજપે બિહાર ચૂંટણી માટે 12 ઉમેદવારોની બીજી યાદી જાહેર કરી છે.

ગાયિકા મૈથિલી ઠાકુરને અલીનગર બેઠક પરથી મેદાનમાં ઉતારવામાં આવી છે , જ્યારે ભૂતપૂર્વ IPS અધિકારી આનંદ મિશ્રા બક્સર બેઠક પરથી ચૂંટણી લડશે. પાર્ટીએ ગઈકાલે 71 ઉમેદવારોની પહેલી યાદી જાહેર કરી હતી.

ભાજપ પછી , NDAના અન્ય સાથી પક્ષ , જનતા દળ (યુનાઇટેડ) એ પણ 57 ઉમેદવારોની પહેલી યાદી જાહેર કરી હતી.

કેન્દ્રીય મંત્રી ચિરાગ પાસવાનની આગેવાની હેઠળની લોક જનશક્તિ પાર્ટી (રામ વિલાસ) એ આજે બિહાર વિધાનસભા ચૂંટણી માટે ૧૪ ઉમેદવારોની પ્રથમ યાદી જાહેર કરી.

. . . . . . .

# NAXAL

સરકારે જણાવ્યું છે કે નક્સલવાદથી સૌથી વધુ પ્રભાવિત જિલ્લાઓની સંખ્યા છ થી ઘટીને ત્રણ થઈ છે . છત્તીસગઢમાં, ફક્ત બીજાપુર, સુકમા અને નારાયણપુર હવે ડાબેરી ઉગ્રવાદથી સૌથી વધુ પ્રભાવિત જિલ્લાઓ છે . ગૃહ મંત્રાલયે એક નિવેદનમાં જણાવ્યું છે કે આ આંકડા નરેન્દ્ર મોદી સરકારના નક્સલ મુક્ત ભારત માટેના સંકલ્પ તરફ નોંધપાત્ર પ્રગતિ દર્શાવે છે.

મંત્રાલયે જણાવ્યું હતું કે આ વર્ષે , ૪00 થી વધુ ઉગ્રવાદીઓની ધરપકડ કરવામાં આવી છે, જ્યારે 312 ડાબેરી ઉગ્રવાદીઓ માર્યા ગયા છે. એક હજાર 600 થી વધુ ઉગ્રવાદીઓ આત્મસમર્પણ કરીને મુખ્ય પ્રવાહમાં જોડાયા છે.

. . . . . .

# CHATTISGADH - NAXAL

છત્તીસગઢના સુકમા જિલ્લામાં આજે સત્તાવીસ માઓવાદીઓએ આત્મસમર્પણ કર્યું. જેમાં દસ મહિલાઓ નો સમાવેશ થાય છે. આત્મસમર્પણ કરનારા ૧૬ માઓવાદીઓ પર કુલ ૫૦ લાખ રૂપિયાનું ઇનામ રાખવામાં આવ્યું હતું.

માઓવાદીઓએ સુકમા પોલીસ અધિક્ષક કિરણ ચૌહાણ અને જિલ્લા મુખ્યાલય ખાતે પોલીસ અધિકારીઓ સમક્ષ આત્મસમર્પણ કર્યું.

છત્તીસગઢ સરકારની પુનર્વસન નીતિ હેઠળ , દરેક આત્મસમર્પણ કરનારા માઓવાદીને અન્ય લાભો ઉપરાંત ૫૦ હજાર રૂપિયા મળશે.

. . . . . . . . . . . .

# BRAZIL – DEP. PM

બ્રાઝિલના ઉપરાષ્ટ્રપતિ ગેરાલ્ડો અલ્કમિન આજે બપોરે ભારતની ત્રણ દિવસની મુલાકાતે નવી દિલ્હી પહોંચ્યા . તેઓ આવતીકાલે વાણિજ્ય અને ઉદ્યોગ મંત્રી પીયૂષ ગોયલ સાથે વેપાર મંત્રીસ્તરીય સમીક્ષા બેઠક કરશે . શ્રી અલ્કમિન બ્રાઝિલના વિકાસ, ઉદ્યોગ, વેપાર અને સેવાઓ વિભાગનાં મંત્રી પણ છે. મુલાકાત દરમિયાન, શ્રી અલ્કમિન ઉપરાષ્ટ્રપતિ સી.પી. રાધાકૃષ્ણન, સંરક્ષણ મંત્રી રાજનાથ સિંહ, વિદેશ મંત્રી ડૉ. એસ. જયશંકર અને પેટ્રોલિયમ અને કુદરતી ગેસ મંત્રી હરદીપ પુરીને મળશે.

બ્રાઝિલ દક્ષિણ અમેરિકામાં ભારતનો સૌથી મોટો વેપાર ભાગીદાર છે . પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીની તાજેતરની બ્રાઝિલ મુલાકાત દરમિયાન , બંને નેતાઓ વેપાર અને રોકાણને પ્રોત્સાહન આપવા માટે એક મંત્રી સ્તરીય સમીક્ષા પદ્ધતિ સ્થાપિત કરવા અને આગામી પાંચ વર્ષમાં 20 બિલિયન ડોલરનો દ્વિપક્ષીય વેપાર લક્ષ્યાંક નક્કી કરવા સંમત થયા હતા. આ મુલાકાતનો ઉદ્દેશ્ય દ્વિપક્ષીય વેપાર અને રોકાણની સમીક્ષા કરવાનો , નવા પ્રાથમિકતા ક્ષેત્રોને ઓળખવાનો અને વેપાર લક્ષ્યાંક પ્રાપ્ત કરવા માટે રોડમેપ તૈયાર કરવાનો છે.

. . . . . .

# GST – GUJARAT STATE

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી એ જાહેર કરાયેલા વસ્તુ અને સેવા કર - GST બચત મહોત્સવથી સમાજના તમામ વર્ગોને ફાયદો થઈ રહ્યો છે. આજે ગુજરાત રાજ્યના અર્થતંત્રને વેગ આપતા GST સુધારાઓ પર એક અહેવાલ સાંભળીએ..

(વોઈસ કાસ્ટ – અજય ઈન્દ્રેકર)

(નવા GST સુધારાઓ ગુજરાતમાં કારીગરો , ખેડૂતો અને ઔદ્યોગિક ક્ષેત્રને પ્રોત્સાહન આપી રહ્યા છે. નવા કર માળખા હેઠળ , ગુજરાતના જાણીતા ટાઈ-ડાઈ ફેબ્રિક, બાંધણી પર GST માં ઘટાડો કરતાં મધ્યમ શ્રેણીની સાડીઓ અને દુપટ્ટા ગ્રાહકો માટે વધુ સસ્તું બન્યા છે. તેવી જ રીતે , રાજ્યના રાસાયણિક ઉદ્યોગને પણ GST હેઠળ નોંધપાત્ર ફાયદો થયો છે. સલ્ફ્યુરિક એસિડ અને એમોનિયા જેવા રસાયણો પરના કર દર 18 ટકા થી ઘટાડીને 5 ટકા કરવામાં આવ્યા છે.

આ ઘટાડાથી ખાતરો, રંગો અને દવા ઉદ્યોગ સહિતના ઉદ્યોગો માટે ઉત્પાદન ખર્ચમાં ઘટાડો થયો છે. આગામી પેઢીના GST સુધારાઓ હેઠળ આ તર્કસંગત દરો, ગુજરાતમાં મુખ્ય ક્ષેત્રોને વ્યાપક રાહત પૂરી પાડવામાં , ગ્રામીણ આજીવિકાને ઔદ્યોગિક વિકાસ સાથે સાંકળવામાં અને રાજ્યની વૈશ્વિક સ્પર્ધાત્મકતા વધારવામાં મુખ્ય ભૂમિકા ભજવી રહ્યા છે.

અજય ઈન્દ્રેકર આકાશવાણી સમાચાર, અમદાવાદ.)

. . . . . . . . . .

# MID BREAK- NEWS- NATIONAL

આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો . આ સમાચારનું જીવંત પ્રસારણ આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો . વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/GU અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલૉ કરશો.

(ગોન્ગ મ્યુઝિક)

. . . . . . . . . . . .

# UN- AFGANISTAN - PAKISTAN

સંયુક્ત રાષ્ટ્રે અફઘાનિસ્તાન અને પાકિસ્તાન વચ્ચે સરહદી અથડામણો પર ચિંતા વ્યક્ત કરી છે . અફઘાનિસ્તાનમાં માનવાધિકાર પરના સંયુક્ત રાષ્ટ્રના વિશેષ રાજદૂત રિચાર્ડ બેનેટે સંઘર્ષને કારણે મોટી સંખ્યામાં લોકોની જાનહાનિ અને સ્થળાંતર અંગે ચિંતા વ્યક્ત કરી હતી . તેમણે બંને પક્ષોને સંયમ રાખવા , નાગરિકોની સલામતી સુનિશ્ચિત કરવા અને આંતરરાષ્ટ્રીય કાયદાનું પાલન કરવા વિનંતી કરી હતી.

તાલિબાન પ્રવક્તા ના જણાવ્યા અનુસાર , પાકિસ્તાની સેનાએ સવારે ભારે હથિયારોથી સરહદી વિસ્તાર પર હુમલો કર્યો હતો . તેમણે દાવો કર્યો હતો કે , આ હુમલામાં 12 અફઘાન નાગરિકો માર્યા ગયા હતા અને 100 થી વધુ ઘાયલ થયા હતા. તેમણે કહ્યું હતું કે અફઘાન સેનાને બદલો લેવાની ફરજ પડી હતી . તાલિબાન પ્રવક્તાએ દાવો કર્યો હતો કે આ હુમલામાં ઘણા પાકિસ્તાની સૈનિકો માર્યા ગયા હતા અને કેટલીક ચોકીઓ કબજે કરવામાં આવી હતી.

પચીસ લોકોના મોત અને 80 થી વધુ ઘાયલ થયાના અહેવાલ છે. મોટી સંખ્યામાં માર્યા ગયેલા લોકોમાં મહિલાઓ અને બાળકોનો સમાવેશ થાય છે . આંતરરાષ્ટ્રીય સમુદાય પરિસ્થિતિ પર નજીકથી નજર રાખી રહ્યું છે.

. . . . . . . . . .

# SONOWAL - SHIP

બંદરો, શિપિંગ અને જળમાર્ગ મંત્રી સર્બાનંદ સોનોવાલે જણાવ્યું છે કે 2047 સુધીમાં વિકસિત ભારત બનાવવામાં બંદર ક્ષેત્ર મહત્વપૂર્ણ ભૂમિકા ભજવશે . ન્યૂ મેંગલોર બંદરની સુવર્ણ જયંતિ નિમિત્તે નવી દિલ્હીમાં આયોજિત એક કાર્યક્રમમાં તેમણે જણાવ્યું હતું કે 2047 સુધીમાં 30 ટ્રિલિયન ડોલરની અર્થવ્યવસ્થા બનવાના ભારતના સ્વપ્નને સાકાર કરવામાં બંદરો મહત્વપૂર્ણ ભૂમિકા ભજવે છે . ન્યૂ મેંગલોર બંદર દેશના શ્રેષ્ઠ બંદરોમાંનું એક છે . બંદર હવે સંપૂર્ણપણે સૌર ઉર્જાથી ચાલે છે.

. . . . . . . . . . . . .

# PANKAJ DHEER - DEAD

બી.આર.ચોપરાની લોકપ્રિય ટેલિવિઝન સીરિયલ મહાભારતમાં કર્ણની ભૂમિકા ભજવનારા પીઢ અભિનેતા કેન્સરથી પીડાતા પંકજ ધીરનું આજે મુંબઈમાં 68 વર્ષની વયે અવસાન થયું.

પંકજ ધીરે તેમના લાંબા કરિયરમાં ઘણી ફિલ્મો અને ટેલિવિઝન સીરિયલોમાં અભિનય કર્યો છે. મહાભારતમાં તેમની ભૂમિકાએ તેમને દેશભરમાં લોકપ્રિય બનાવ્યા. તેમણે બાદશાહ અને તુમ કો ના ભૂલ પાયેંગે જેવી ફિલ્મો અને સસુરાલ સિમર કા અને રાજા કી આયેગી બારાત જેવી સીરિયલોમાં પણ અભિનય કર્યો હતો.

. . . . .

# PRESIDENT KENYA

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ કેન્યાના પૂર્વ પ્રધાનમંત્રી રૈલા ઓડિંગાના નિધન પર શોક વ્યક્ત કર્યો છે. શ્રી મોદીએ સોશિયલ મીડિયા સંદેશમાં કહ્યું કે, તેઓ એક પ્રતિષ્ઠિત રાજનેતા અને ભારતના પ્રિય મિત્ર હતા.

શ્રી મોદીએ કહ્યું કે શ્રી ઓડિંગાને ભારત , તેની સંસ્કૃતિ, મૂલ્યો અને પ્રાચીન સંસ્કારો પ્રત્યે ખાસ પ્રેમ હતો . તેમણે કહ્યું કે આ ભારત -કેન્યા સંબંધોને મજબૂત કરવાના તેમના પ્રયાસોમાં પ્રતિબિંબિત થાય છે.

શ્રી મોદીએ આ દુઃખની ઘડીમાં તેમના પરિવાર , મિત્રો અને કેન્યાના લોકો પ્રત્યે સંવેદના વ્યક્ત કરી.

. . . . . . . .

# BJP – JHARKHAND

ભાજપ પાર્ટીએ આજે હેમંત સોરેનના નેતૃત્વ હેઠળની ઝારખંડ સરકાર પર આદિવાસી સમુદાયને કથિત રીતે જોખમમાં મૂકવાનો અને તેમને લૂંટવાનો પ્રયાસ કરવાનો આરોપ લગાવ્યો.

આજે નવી દિલ્હીમાં પાર્ટી મુખ્યાલયમાં પત્રકારો સાથે વાત કરતા , પાર્ટી પ્રવક્તા તુહિન સિંહાએ જણાવ્યું હતું કે મુખ્યમંત્રી હેમંત સોરેનના જિલ્લા ખનીજ ફાઉન્ડેશન ટ્રસ્ટમાં 2,000 કરોડ રૂપિયાનો કૌભાંડ હોવાનો અંદાજ છે. સિંહાએ કહ્યું કે આ મુદ્દો રાષ્ટ્રીય દ્રષ્ટિકોણથી પણ મહત્વપૂર્ણ છે કારણ કે રાજ્ય પર શાસન કરતા ત્રણ પક્ષો - ઝારખંડ મુક્તિ મોરચા, કોંગ્રેસ અને રાષ્ટ્રીય જનતા દળ - ઇન્ડિયા બ્લોકનો ભાગ છે.

. . . . . .

# DURGAPUR CASE

દુર્ગાપુર અદાલતે આજે કથિત સામૂહિક દુષ્કર્મ પીડિતાનાં સાથી મેડિકલ વિદ્યાર્થીને સાત દિવસ માટે પોલીસ કસ્ટડીમાં મોકલવાનો આદેશ આપ્યો છે . પોલીસે ગઈકાલે તેની ધરપકડ કરી હતી . અત્યાર સુધીમાં પોલીસે આ કેસમાં કુલ છ લોકોની ધરપકડ કરી છે.

અત્રે ઉલ્લેખનીય છે કે, બળાત્કાર પીડિતા ઓડિશાની MBBSની બીજા વર્ષની વિદ્યાર્થીની છે , જે પશ્ચિમ બંગાળના પશ્ચિમ બર્ધમાન જિલ્લાના દુર્ગાપુરમાં એક ખાનગી મેડિકલ કોલેજમાં અભ્યાસ કરે છે.

મેડિકલ વિદ્યાર્થીની પર 10 ઓક્ટોબરની રાત્રે કોલેજ કેમ્પસ નજીક કથિત રીતે સામૂહિક દુષ્કર્મ કરવામાં આવ્યો હતો.

. . . . . . .

# PRESIDENT, VICE PRESIDENT, PRIME MINISTER - KALAM JAYANTI

રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુ , ઉપરાષ્ટ્રપતિ સી.પી. રાધાકૃષ્ણન અને પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ આજે ભારત રત્ન , પ્રખ્યાત વૈજ્ઞાનિક અને પૂર્વ રાષ્ટ્રપતિ ડૉક્ટર એ.પી.જે. અબ્દુલ કલામને તેમની જન્મજયંતિ પર યાદ કર્યા.

સોશિયલ મીડિયા સંદેશમાં, ઉપરાષ્ટ્રપતિ રાધાકૃષ્ણને ડૉ. કલામને એક સ્વપ્નદ્રષ્ટા વૈજ્ઞાનિક, પ્રેરણાદાયી નેતા અને સાચા દેશભક્ત તરીકે વર્ણવ્યા.

શ્રી રાધાકૃષ્ણને ભાર મૂક્યો કે ડૉ. કલામનું વિઝન દરેક ભારતીયને નવીનતા, સેવા અને પ્રામાણિકતા સાથે નેતૃત્વ કરવા માટે પ્રેરણા આપે છે.

પ્રધાનમંત્રી મોદીએ કહ્યું કે ડૉ. કલામ એક સ્વપ્નદ્રષ્ટા હતા જેમણે યુવાનોને પ્રોત્સાહિત કર્યાં અને રાષ્ટ્રને મોટા સ્વપ્ન જોવા માટે પ્રેરણા આપી. તેમનું જીવન લોકોને યાદ અપાવે છે કે સફળતા માટે નમ્રતા અને સખત મહેનત જરૂરી છે.

. . . . . . . . . . . . .